ક્રમાંક : જીઆઈડીસી / ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/ પોલીસી / ૧ (૧૦) / ૪૭
જીઆઈડીસી, ઉધોગભવન, ગાંધીનગર
તા.૦૩/૧૦/૨૦૧૨.

## // પરિપત્ર //

**વિષય : ઓફર–કમ–ફાળવણી પત્રની મુદ્દત ૩૦ દિવસના બદલે ૬૦ દિવસની કરવા બાબતઃ**

**સંદર્ભ :** ૧. પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૪(૩)/૧૯/ ૨૦૦૦ તા. ૨૯/૪/૨૦૦૦.

૨. પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પીઓએલ/૧(૮)/૧૬ તા. ૨૬/૬/૨૦૦૨.

૩. જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૪/૧૫ તા. ૨/૬/૨૦૧૨.

ફાળવણીદાર ધ્વારા અગાઉ ઓફરપત્રમાં દર્શાવેલ કુલ રકમના ૩૦% રકમ ડાઉન પેમેન્ટ તરીકે ભરપાઈ કરવાની સમય મર્યાદા આપવામાં આવતી હતી. જેને નિગમની ૪૫૯ મી સભામાં ઠરાવ્યા મુજબ ફાળવણીદારોએ ઓફરપત્ર મળ્યાના ૩૦ દિવસમાં ઓફર રકમની ૫૦% રકમ ડાઉન પેમેન્ટ તરીકે ભરપાઈ કરવાની મંજુરી આપવામાં આવેલ. ડાઉન પેમેન્ટની રકમ ભરવા માટેની સમય મર્યાદામાં વધારો કરવા માટે વારંવાર રજુઆત મળતી હોવાથી ૩૦ દિવસ સુધીમાં ઓફર રકમના ૫૦% ભરપાઈ કરવાની મુદત ૩૦ દિવસના બદલે ૬૦ દિવસની આપવી જરૂરી હોવાથી નિગમની ૪૬૮મી સભા સમક્ષ રજુ કરવામાં આવેલ કાર્યસુચિ આધારિત પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંકઃ ૧૪૯/૪૬૮/વિતરણ/૨૦૧૨ થી ૬૦ દિવસની મુદત ઓફરપત્રમાં ઓફર રકમ ના ૫૦% ભરવા માટે આપવામાં આવે છે. આ સમય મર્યાદામાં વધારાનો લાભ તા.૦૧/૦૯/૨૦૧૨ પછી ફાળવણી કરવામાં આવેલ ફાળવણીદારોને આપવાનો રહેશે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ નીતિનો લાભ ફકત રેગ્યુલર વિતરણને લાગુ કરવાનો રહેશે. હરાજીથી વિતરણ કરવામાં આવતી મિલ્કત અથવા લગત તરીકે ફાળવેલ મિલ્કતના કિસ્સામાં ફાળવણીપત્રની ૧૦૦% રકમ એકી સાથે ફાળવણીપત્ર મળ્યાના ૩૦ દિવસમાં ભરપાઈ કરવાની શરત યથાવત રાખવામાં આવે છે.

વધુમાં ફાળવણીપત્રમાં ડાઉન પેમેન્ટ ભરવા માટે સમય મર્યાદા સિવાય આ અંગે જારી કરવામાં આવેલ પરિપત્રની અન્ય તમામ શરતો યથાવત રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઉપરાંત ડાઉન પેમેન્ટની ૫૦% રકમ ભરવા માટેની મુદત ૬૦ દિવસની કરવામાં આવી તે અંગેના સુધારા ફાળવણીના કિસ્સામાં લાગુ પડતા અન્ય તમામ દસ્તાવેજોમાં તથા ઓનલાઈન એપ્લીકેશનના કિસ્સામાં સુધારવાના રહેશે.

આ પરીપત્રનો ચુસ્તપણે અમલ ઉપરોક્ત. દર્શાવેલ તારીખથી ચુસ્તપણે કરવાનો રહેશે તથા પરીપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રીના નામજોગ પાઠવવી.

સહી/–
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

પ્રતિ,

- નિગમનાં તમામ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણસારૂ.
- મેનેજરશ્રી ( એસ.એન્ડ એ.), જીઆઈડીસી, ગાંધીનગર તરફ સદર પરીપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યું
જનરલ મેનેજર ( ઈ એન્ડ એ)
૩/૧૦